## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મેડમ... ભણાવવાનું એમ જ ચાલુ રાખવુ પડશે... સરકાર તરફથી ખાલી ફી જ ઘટાડવી એવું સૂચન આવ્યું છે...!!

# જિલ્લાનું ગુજકેટનું પરિણામ જાહેર

### જિલ્લાના ૬૩૭૨ વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થયું : ૯૯થી વધુ પર્સન્ટાઈલ રેન્ક મેળવતા ૪૦થી વધુ વિદ્યાર્થીઓ માટે ઈજનેરી શાખામાં ઉજળી તકો

ગાંધીનગર, તા.૨૩


ગુજરાત રાજયમાં એન્જીનિયરીંગ અને પેરામેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીની એન્ટ્રન્સ એકઝામ એટલે ગુજકેટ.. આ પરિક્ષા ગત્ તા.૧૦ મી મે ના રોજ સમગ્ર રાજયમાં લેવામાં આવી હતી. ગ્રુપ એ અને બી વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ મળીને રાજયમાં કુલ ૧.૩૨.૩૯૧ વિદ્યાર્થીઓ આ પરિક્ષામાં બેઠા હતા. વિવિધ વિષયની ૧૨૦ માર્કની આ પરિક્ષામાં ગાંધીનગર જિલ્લામાંથી ૬૩૭૨ જેટલા વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. આ ગુજકેટની પરિક્ષાનું પરિણામ આજે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયુ છે. જેમાં ગાંધીનગર જિલ્લાનું પરિણામ અન્ય જિલ્લા કરતા સારુ હોવાનું સુત્રોમાંથી વાત મળી રહી છે. ગાંધીનગર જિલ્લામાં ગુજરાતી માધ્યમમાં ૪૩૯૭, અંગ્રેજી માધ્યમમાં ૧૯૨૯ અને હિન્દી માધ્યમમાં માત્ર ૪૬ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. ત્યારે ગાંધીનગર જિલ્લામાં ગુજકેટની પરિક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓ મેરીટમાં આવ્યા છે. જયારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પહેલીવાર વિજ્ઞાન પ્રવાહના પરિણામ સાથે ગુજકેટનું પરિણામ જાહેર કરી શક્યુ નથી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા મે-૨૦૧૭ને ૧૦મી તારીખે ગુજકેટની પરિક્ષા લેવામાં આવી હતી. જેમાં ભૌતિક શાસ્ત્ર અને રસાયણ શાસ્ત્રના પેપરમાં કુલ ૧.૩૪.૩૨૬ પરિક્ષાર્થીઓ પરિક્ષામાં હાજર રહ્યા હતા. જેમાં જીવ વિજ્ઞાનના પેપરમાં કુલ ૬૮૯૮૩ પરિક્ષાર્થી પૈકી ૬૭૯૬૩ હાજર રહ્યા હતા અને ગણિતના પેપરમાં કુલ ૬૭૮૧૫ પરિક્ષાર્થી પૈકી ૬૬૮૯૦ પરિક્ષાર્થીઓ હાજર રહ્યા હતા. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૬૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જેથી સવારથી જ શહેરમાં ગુજકેટના પરિણામ જાણવાની સૌ કોઈ વિદ્યાર્થીઓને ઈંતજાર હતો. ગુજકેટનું પરિણામ સવારે જાહેર કરતા જ વિદ્યાર્થીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતું.

**વેદ ઈન્ટરનેશનલ સ્કુલના તેજસ્વી વિદ્યાર્થીઓ**

૧. પાર્થ એ. પટેલ -૯૯.૬૩
૨. ભાર્ગવ પ્રજાપતિ -૯૯.૭૦
૩. જય વાય. પટેલ -૯૯.૪૫
૫. નીલ કે. પટેલ -૯૯.૪૨
૬. મયુર પટેલ -૯૯.૩૮

**ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓ**



મહિન એમ. શાહ ૯૯.૯૪ | અપૂર્વ જી. પટેલ ૯૯.૪૨ | પ્રિત એમ.ગોરે ૯૮.૭૯ | રૂત્વી જે. પટેલ ૯૯.૭૮

## જમીનોનો ભોગવટો કરવાની અરજીની મુદતનો સમય વધારાયો

ગાંધીનગર, તા.૨૩

શહેરી જમીન ટોચમર્યાદા કાયદા અંતર્ગત વધારાની ફાજલ જાહેર કરેલ અને તેની ઉપરના રહેણાંકના બાંધકામો સહિત સરકાર હસ્તક કબજો સંભાળેલ જમીનોનો ભોગવટો કાયદેસર કરવા બાબતનો વટહુકમ, ૨૦૧૬ રાજ્ય સરકારે તા.૧૫/૧૨/૧૬ના રોજ પ્રસિદ્ધ કરેલ. આ વટહુકમની કલમ-૪ અનુસાર આવી જમીનોના ભોગવટાદારોના ભોગવટા હેઠળની જમીનનો ભોગવટો કાયદેસર કરવા સંબંધિત ભોગવટાદારે આ વટહુકમ પ્રસિદ્ધ થયા તારીખથી ત્રણ માસમાં નિયત નમૂનામાં સંબંધિત મામલતદારને અરજી કરવાની રહેતી હતી.

આ ત્રણ માસની સમય મર્યાદા તા.૧૪/૩/૨૦૧૭ના રોજ પૂર્ણ થતાં સરકારે તા. ૩૦/૪/૧૭ સુધી મુદત વધારેલ હતી. વહીવટી કારણોસર આ સમયમર્યાદામાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતે રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણા કરી, શહેરી જમીન ટોચમર્યાદા કાયદા અંતર્ગત વધારાની ફાજલ જાહેર કરેલ અને તેની ઉપરના રહેણાંકના બાંધકામો સહિત સરકાર હસ્તક કબજો સંભાળેલ જમીનોના ભોગવટેદારોને કરવાની થતી અરજી સ્વીકારવાની સમયમર્યાદા તા.૩૧/૫/૨૦૧૭ સુધી લંબાવવામાં આવી છે.






## ટોપી-ચશ્મા એટલે ઉનાળાના બચાવ શસ્ત્રો..!!!

શહેરમાં ઉનાળાની ગરમી હવે ચોમાસાના આગમન પૂર્વેના ઉકળાટમાં ફેરવાતી જાય છે. માથે તપતા સૂર્ય અને ડામરની સડકો પરથી ઉઠતી 'લ્હાય' જેવી વરાળોથી પોતાની આંખો અને માથાનું રક્ષણ કરવા શહેરના વાહનચાલકો માથે ટોપી અને ચહેરા પર ગોગલ્સ પહેરવાનુ પસંદ કરે છે. શહેરીજનોની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેનો સીઝનેબલ લાભ ઉઠાવવા ટોપી-ચશ્માના વેપારીઓ શહેરના માર્ગો પર અનેક ઠેકાણે ઉભા રહેલા જોવા મળી રહ્યાં છે.

## દિગમ્બર જૈન સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર નજીક આવેલ કુડાસણ સ્થિત સ્કુલ ઓફ એચિવરની વિદ્યાર્થીની તેમજ ડો. રાજન દોશીની દિકરી ખુશીએ માર્ચ-૨૦૧૭માં લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બી ગ્રુપ)માં ૯૯.૮૫ પર્સન્ટાઈલ સાથે એ-૧ ગ્રેડ હાંસલ કરી દિગમ્બર જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે.

## ગાંધીનગર ડેપોની ૧૫ બસ કચ્છ મોકલતા મુસાફરો અટવાયા

ગાંધીનગર, તા.૨૩

વડાપ્રધાનના કચ્છ ખાતેના કાર્યક્રમમાં ગાંધીનગર એસટી ડેપોમાંથી અંદાજીત ૧૫ જેટલી બસ કચ્છ ખાતે મોકલવામાં આવી હતી. જેને પગલે એસટી તંત્રની ૫૦ થી વધુ ટ્રીપોનું સંચાલન ખોરવાઈ ગયું હતું. તંત્રએ અચાનક બસો ફાળવી દેવાતા ટ્રીપો રદ થતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ગાંધીનગર એસટી ડેપો દ્વારા કચ્છ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં ૧૫ થી વધુ એસટી બસ મુકવામાં આવી હતી. જેને પગલે ગાંધીનગર-અમદાવાદ અને અન્ય ગ્રામ્ય વિસ્તારના રૂટમાં તાકિદે ફેરફાર કરવાની તંત્રને ફરજ પડી હતી. જેથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાંથી રોજ ગાંધીનગર અપડાઉન કરતા હજ્જારો મુસાફરો અટવાઈ પડ્યા હતા. તંત્ર દ્વારા ગમે ત્યારે ટ્રીપો રદ કરીને બસો ફાળવી દેવામાં આવતા મુસાફરોમાં રોષ ફેલાયો છે. જયારે ગાંધીનગર અમદાવાદમાં મુસાફરો પણ પ્રભાવિત થયા હતા. જયારે કલાકો સુધી બસ સ્ટેશનમાં બેઠા પછી પુછપરછ કર્યા બાદ મુસાફરોને બસ રદ થયાની જાણ થતી હતી. જયારે પાટનગરના બસ ડેપોમાંથી સમગ્ર રાજયના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં મુસાફરો સરળતાથી મુસાફરી કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવાઈ છે. ત્યારે વડાપ્રધાનના કાર્યક્રમમાં બસો મોકલી દેવાતા ૫૦ થી વધુ ટ્રીપો રદ કરવાની તંત્રને ફરજ પડી હોવાનું એસટી તંત્રના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## પાલજમાં ૩૫ વર્ષીય યુવાને જાળીએ દોરી બાંધી ફાંસો ખાધો

### ઘરકંકાશથી કંટાળીને આપઘાત કર્યો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક પાલજ ગામમાં રહેતા ૩૫ વર્ષીય યુવાને આજે સમી સાંજે પોતાના ઘરે જ જાળીએ દોરી બાંધીને ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલીક તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતદેહ પી.એમ. માટે મોકલી ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાત અંગે ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

પાલજ ગામમાં રહેતા ૩૫ વર્ષીય યુવાન ચેતનસિંહ અર્જુનસિંહ બિહોલા આજે પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર તેમણે પોતાના રૂમમાં જાળીએ દોરી બાંધીને ગળે લપેટી દઈ ફાંસો ખાઈ લીધો હતો. ચેતનસિંહને બેભાન હાલતમાં એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ પ્રાણ પંખેરું ઉડી ગયું હોવાનું તબીબે જાહેર કરતા હોસ્પિટલમાં પરિવારજનોનું હૈયાફાટ રૂદન શરુ થઈ ગયું હતું. ચેતનસિંહે કયા કારણોસર આપઘાત કરી લીધો તે બાબત હજુ સ્પષ્ટ થઈ શકી નથી જો કે ચિલોડા પોલિસે શરુ કરેલી પ્રાથમિક તપાસમાં ઘરકંકાશથી કંટાળીને આ અંતિમ પગલું ભર્યું હોવાનું ધ્યાને આવ્યું છે. મૃતદેહ પી.એમ. માટે મોકલી ચિલોડા પોલિસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કોન્સ્ટેબલ મોહનભાઈએ ઉંડી તપાસ આરંભી છે.

## સે. ૬ની ઈન્કવાયરી ખાતેનો ભંગાર 'જોખમરૂપ' બન્યો

### વર્ષોથી સંઘરાયેલા ભંગારમાં ઝેરી જીવજંતુઓ-સાપ વગેરેના ઉપદ્રવનો ખતરો : સત્વરે ભંગારનો નિકાલ કરાય તેવી વસાહતીઓમાં માંગ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સેક્ટર-૬ ખાતેની ઈન્કવાયરી ઓફિસના પ્રાંગણમાં ગણો બધો ભંગાર સંઘરાયેલો પડ્યો છે. આ ભંગારના કારણે અહીં જીવજંતુ તથા સાપ વગેરેનો ખતરો આસપાસમાં રહેતા વસાહતીઓના માથે મંડરાઈ રહ્યો છે. પરંતુ આ ભંગારનો ગણા સમયથી કોઈ નિકાલ હાથ ધરવામાં નથી આવતો. જેના પગલે રહીશોમાં અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે.



છેલ્લા ઘણા વર્ષોથી સેક્ટર-૬ની ઈન્કવાયરી ઓફિસના પ્રાંગણમાં વિવિધ પ્રકારનો ભંગાર સંઘરાયેલો પડ્યો છે. આ ભંગારમાં દબાણ સફાઈ દરમ્યાન જપ્ત કરાયેલ લારી-ગલ્લા, તુટીને નકામા થઈ ગયેલા ટ્રી ગાર્ડ, અન્ય તુટેલા સાધનો સહિત ઘણી બધી ચીજવસ્તુોનો સમાવેશ થાય છે. ઘણા સમયથી ભંગાર એકઠો થઈ પડી રહેવાથી તેમાં ગંદકીનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યુ છે તથા ભંગારની ઓથ તળે સાપ, વીંછી સહિતના ઝેરી જીવજંતુઓ પણ તેમનું ઘર બનાવી રહ્યાં છે. આ કારણે આ ભંગાર ઈન્કવાયરી ઓફિસની આસપાસના રહીશો તથા તેમના બહાર ખુલ્લામાં રમતા બાળકો માટે જોખમરૂપ બનવા પામ્યો છે. રહેવાસીઓની અને રજૂઆતો છતાં તંત્ર દ્વારા આ ભંગારનો કોઈ યોગ્ય નિકાલ કરાતો નથી અને માત્ર ઉડાઉ જવાબ જ આપી દેવામાં આવે છે.



## દંઢાવ્ય મોચી સમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતી જનક્ષત્રીય દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં ટાઉનહોલ ખાતે મેરીટમાં પ્રથમ ત્રણ આવનાર ધો. ૧ થી ૧૨, સ્નાતક, અનુસ્નાતક, વિદ્યાર્થીઓને ટ્રસ્ટીઓ, દાતાઓ, મહાનુભાવોના હસ્તે ચંદ્રક-મેડલ વિતરણનો અને વાર્ષિક સામાન્ય સભાનો સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો.

સરસ્વતી સન્માન સમારોહમાં સ્તુતિ, પ્રાર્થના, દીપ પ્રાગટ્ય બાદ સર્વેનું બુકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. સમારોહની સફળતા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, તેમજ મંત્રી જયેશભાઈ રાદડિયા, વી.વી. વઘાસીયા તથા ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલે શુભેચ્છા સંદેશ પાઠવેલો હતો. ગાંધીનગરના મેયર પ્રવીણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, વિદ્યા લાયબ્રેરીના પ્રદીપસીંહ વાઘેલા, સંસ્થાના પ્રમુખ બુધેશભાઈ ચૌહાણ, મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણ, ગિરિશભાઈ એસ. યાદવે પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું. બુધેશભાઈ ચૌહાણે વિવિધ દાતાઓ અને મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને ચંદ્રક-મેડલ અપાયા હતા.


કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ ચૌહાણ, ઉલ્લેશભાઈ ચૌહાણ, ઉષાબેને કર્યુ હતુ. ગુણવંતભાઈ ચૌહાણ, પ્રહલાદભાઈ ચૌહાણ, દિનેશભાઈ ચૌહાણ તેમજ અન્ય કાર્યકરોએ સેવા પુરી પાડી હતી. તેમ મંત્રી મહેન્દ્રભાઈ કે. ચૌહાણે જણાવેલ છે.

## તુવેર ખરીદીમાં ભ્રષ્ટાચાર અટકાવવાની માંગ સાથે કૃષિમંત્રીને આવેદનપત્ર

### ખેડૂતોની વણઉકેલાયેલી સમસ્યાઓ અંગે સત્વરે પગલાં લેવા ભારતીય કિસાન યુનિયનના પ્રતિનિધિઓ ચીમનભાઈ સાપરિયાને મળ્યા

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય કિસાન યુનિયનના દસ પ્રતિનિધિઓના મંડળે આજે



સ્વર્ણિમ સંકુલ ખાતે કૃષિમંત્રી ચીમનભાઈ સાપરિયાની મુલાકાત લઈ સરકાર દ્વારા ટેકાના ભાવે તુવેર ખરીદવાની પ્રક્રિયામાં કૌભાંડ આચરાયા હોવાને કારણે પગલાં લેવા માંગ કરી હતી. આ મુલાકાતમાં તેમણે મંત્રી સમક્ષ ખેડૂતોના વણઉકેલાયેલી સમસ્યાઓના તાત્કાલિક નિરાકરણ માટે રજૂઆત સાથે આવેદનપત્ર પણ આપ્યું હતું.

ગુજરાત સરકારની નોડલ એજન્સીઓ જેવી કે ગુજકો, એફસીઆઈ અને નાફેડ દ્વારા તાજેતરમાં પીએસએસ અને પીએસએફ યોજના અંતર્ગત તુવેર ખરીદવામાં પોણા બસ્સો કરોડનો ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો આક્ષેપ ભારતીય કિસાન યુનિયન દ્વારા કરવામાં આવ્યો છે. આ કૌભાંડના પગલે કિસાન યુનિયને પ્રત્યેક ખરીદ કેન્દ્રો પર સીસીટીવી કેમેરા સહિત ખેડૂતનો સ્થળ પર ફોટો પાડી તમામ વિગતો સાથે ગેટપાસની સીસ્ટમ દાખલ કરવા માંગ કરી હતી. વળી, સ્ટેટ વીજીલન્સની ટીમની રાજ્ય બોર્ડર પર નિમણૂંક કરવા સહિત તેમણે ભ્રષ્ટાચાર અટકાવવા કેટલાક સૂચનો પણ કર્યા હતા. આ અંગે તેઓએ લેખિત આવેદનપત્ર મંત્રી ચીમનભાઈ સાપરીયાને સુપ્રત કર્યુ હતુ.

## આર.ટી.ઈ.એક્ટ-૨૦૦૯ હેઠળ વિદ્યાર્થીઓએ ૨૫મી સુધીમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે

ગાંધીનગર, તા.૨૩

આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અન્વયે નબળા અને વંચિત જૂથના બાળકોને ધોરણ-૧ માં ૨૫ % ને આધિન બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ: ૨૦૧૭-૧૮માં પ્રવેશ આપવાની કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવેલ છે. જે અન્વયે ધોરણ-૧ માં કુલ ૬૩૫૯૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. પ્રવેશ અંગે જે વિદ્યાર્થીઓને એસ. એમ. એસ.થી જાણ કરવામાં આવેલ છે. તેવા તમામ વિદ્યાર્થીઓએ જે તે શાળામાં રૂબરૂ જઈ આધાર રજૂ કરી તા.૨૫/૫/૧૭ સુધીમાં પ્રવેશ મેળવી લેવામાં જણાવવામાં આવ્યુ છે. જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી / જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ જરૂરી સંખ્યામાં ટીમો બનાવી શાળામાં જઈ, વાલી/વિદ્યાર્થીઓનો સંપર્ક કરી જે તે શાળામાં પ્રવેશ કરાવવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરાવવાની રહેશે.

સમગ્ર રાજ્યમાં કુલ ૮૮૪૫ વાંધા અરજી આવેલ છે. આ તમામ વાંધા અરજીની જિલ્લા કક્ષાએ ચકાસણી કરી ફાળવેલ શાળા ૬ કિ.મી.કરતા વધુ અંતરે હોય, ફાળવેલ શાળા બંધ હોય / બંધ કરવાની હોય, ફાળવેલ શાળા લઘુમતી શાળા હોય, કુમાર/કન્યાને ફાળવેલ શાળા કન્યા/કુમાર શાળા હોય, ફાળવેલ શાળા અન્ય માધ્યમની હોય, સમાન નામવાળી શાળાને કારણે ફાળવેલ શાળા પસંદગી મુજબની ન હોય તો પણ અરજી ગ્રાહ્ય રાખી અન્ય શાળામાં પ્રવેશ ફાળવવાનો રહેશે. આથી બાકીના વિદ્યાર્થીઓએ ફાળવેલ શાળામાં તાત્કાલિક પ્રવેશ મેળવી લેવાનો રહેશે. તથા હવેપછી કોઈ વાંધા અરજી સ્વીકારવાની રહેશે નહિ.




## શનિદેવ જયંતિ શ્રી નાગરવેલ હનુમાન મંદિરે ધામધૂમથી ઉજવાશે

તા. ૨૫મી મે ના અમાસના દિવસે શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે શ્રી શનિદેવ જયંતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. ૮૦૦ કિલો વજન ધરાવતી વિશાળ શ્રી શનિદેવ મહારાજ શિલા ઉપર તેલથી લઘુરુદ્રાભિષેક કરાશે. શ્રી નાગરવેલ હનુમાન મંદિરના મહંત રંગનાથાચાર્યજી મહારાજે જણાવેલ છે. રખિયાલ-અમરાઈવાડી રોડ ઉપર આવેલ નાગરવેલ હનુમાન મંદિરમાં શનિદેવ જયંતિની ધામધૂમથી ઉજવણી કરાશે. ભિન્ન ભિન્ન ધાર્મિક કાર્યક્રમો યોજાયેલ છે. જેમાં સવારે તેલથી રૂદ્રાભિષેક થશે. સાંજે હવન થશે. રાત્રે શનિદેવની આરતી-શૃંગાર-પૂજાનું ભવ્ય આયોજન કરેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ